ગાંધીનગર સમાચાર

**કુડાસણ પાસે ચાલતા હુક્કાબાર-ડીસ્કો થેકમાં એસ.ઓ.જી.નો દરોડો**

## @ગાંધીનગર

● સમગ્ર ગુજરાત મુંબઈ પ્રદેશનું રેશનલ અધિવેશન સે-૨૩ કડી સંકુલ સ્થિત ફાર્મસી કોલેજના બ્રહ્માણી હોલ ખાતે સવારે ૧૦ થી ૫ દરમિયાન યોજાશે.

● ગાંધીનગર શહેરના વિવિધ કેન્દ્રો પરથી ઉમેદવારો સવારે ૧૧ થી ૧૨ દરમિયાન ડીવાયએસઓની પરીક્ષા આપશે.

● ઉગમણા સતાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન અને ઈનામ વિતરણ, નિવૃત્ત કર્મચારી/અધિકારીઓનો સન્માન સમારોહ બપોરે ૧.૦૦ કલાકે સંતશ્રી રોહિતદાસ સ્મૃતિ મંદિર, સે-૬ ખાતે યોજાશે.

# છુટ્ટા નાણાંની પળોજણને પગલે મીનાબજાર બંધ

## સામાન્ય દિવસોમાં ધમધમતા આ બજારમાં અત્યારે હાલ કાગડા ઉડે છે

ગાંધીનગર, તા.૧૨

મંગળવાર મધરાતથી દરેક નાગરીક રૂપીયાને લઈ ચિંતિત નજરે પડી રહ્યો છે. સામાન્ય નાગરીકને જીવનજરૂરી ચીજવસ્તુમાં હરપળ છુટ્ટા પૈસાની જરૂર પડે છે. ત્યારે રોજ કમાઈને રોજ ખાતા નાના વેપારીઓની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે છુટ્ટા નાણાં ના હોવાથી તેમજ ધંધામાં જબરદસ્ત મંદીનો માહોલ સર્જાતા શહેરનું મીના બજાર આજે બંધ રહેવા પામ્યું હતું. દરેક નાગરીકને જીવનજરૂરી ઘરવખરી તેમજ કાપડ સહિતની અન્ય ચીજવસ્તુઓ આસાનીથી મળી રહે છે તેવું આ બજાર સામાન્ય દિવસોમાં પણ વર્ષ દરમિયાન ધમધમતુ હોય છે ત્યારે વેપારીઓએ છુટ્ટા રૂપીયાને અનુલક્ષી તેમજ ગ્રાહકો નહી હોવાથી વેપારમાં મંદીનો માહોલ સર્જાતા સ્વેચ્છાએ રજા રાખી હતી.

ગાંધીનગર શહેરનું મીનાબજાર સામાન્ય દિવસોમાં નાગરીકોથી તેમજ કર્મચારીઓથી ધમધમતુ રહે છે. અહી ચા-નાસ્તાની લારીઓ, કાપડ, મોબાઈલ, બુટ-ચંપલ, નાના બાળકોથી લઈ મોટા વ્યકતિઓના કપડા સહિતની રોજબરોજના જીવનમાં ઉપયોગી થાય તેવો સામાન અહીં સરળતાથી મળી રહે છે. ત્યારે મીનાબજારમાં જુના સચિવાલય નજીક હોવાથી કર્મચારીઓની ચહલ પહલ પણ દિવસ દરમ્યાન રહે છે. જેને પગલે વેપારીઓને વેપાર- ધંધામાં સારો રોજગાર મળી રહે છે. ત્યારે મંગળવાર રાતથી રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થતા જ વેપારમાં મંદીનો માહોલ જોવા મળ્યો છે. દિવસ દરમ્યાન હજ્જારો રૂપીયાનો વેપાર કરતા વેપારીઓ પગ લંબાઈને આરામ ફરમાવતા નજરે પડે છે. વેપાર-ધંધા પડી ભાંગતા પોતાના ખર્ચે ચા પીને સાંજે ઘરે પરત ફરવાનો વારો છેલ્લા ૨ દિવસથી આવતા આજે વેપારીઓએ રજા રાખી હતી.તેમજ છુટ્ટા નાણાં ની પળોજણ ઝડપી દુર થાય તેમ વેપારીઓ ઈચ્છી રહ્યા છે.

## વાતવાતમાં

● દેશભરમાં 'સોશ્યલ મિડીયા' થકી 'વાઈરલ' થયેલ મીઠું અને ખાંડની અછતની અફવાએ ગાંધીનગરમાં પણ પગ પેસારો કર્યો હતો. જો કે ગાંધીનગરમાં આ અફવાની અસર ખૂબ નહિવત પ્રમાણમાં જોવા મળી હતી.

● કેન્દ્ર સરકારે પેટ્રોલ પંપો, હોસ્પિટલો તથા સરકારી એજન્સીઓ દ્વારા જુની ચલણી નોટો સ્વીકારવાની મુદત તા. ૧૪મી નવેમ્બર સુધી વધારી હોવાના પગલે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા બાકી વેરા વસુલી માટે આ નોટો સ્વીકારવાની મુદત લંબાવી છે. નોટો સ્વીકારવાની તથા નવી મુદતની જાહેરાત શહેરના મુખ્ય સર્કલો પર લગાડાયેલ એલઈડી સ્ક્રીન તથા પબ્લિક એનાઉન્સમેન્ટ સીસ્ટમ પર કરવામાં આવી રહી છે.

● બેંકોમાંથી જુની ચલણી નોટોને બદલે રૂ. ૨ હજારની નવી નોટો ઈશ્યુ કરવામાં આવી રહી છે. પરંતુ તેના કારણે ગૃહિણીઓ તથા ગ્રાહકોની મુશ્કેલીઓમાં વધારો થવા પામ્યો છે. શહેરમાં છુટ્ટા નાણાની તંગી સર્જાઈ હોવાથી ૨ હજારની નોટ રોજબરોજની શાકભાજી દૂધ વગેરે જેવી નાની નાની ખરીદીમાં કામમાં આવતી ના હોવાથી બેંકો દ્વારા ૧૦, ૨૦, ૫૦ અને ૧૦૦ની નોટો વધુ ઈશ્યુ કરાય તેવી માંગ પ્રવર્તી રહી છે.

● શહેરમાં એક તરફ જુની ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટો રદ થવાના પગલે નવી નોટ મેળવવા બેંકોમાં લાઈનો લાગી રહી છે તો બીજી તરફ સે-૧૬માં પાટનગર યોજના ભવન સામે બે વ્યકિતઓ જાહેરમાં નાણાની લેતી દેતી માટે ઝઘડી પડતા ભારે હોબાળો મચ્યો હતો. આ ઘટના સ્થળે ઉપસ્થિત પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ બંને વ્યકિત જાહેરમાં જ કાળા નાણાંના વહીવટ અને લેણદેણની પતાવટ બાબતે ઝઘડી પડયા હતાં.

# બસ એટલી સમજ મને પરવર દિગાર દે, સુખ જયારે જયાં મળે ત્યાં બધાના વિચાર દે

## ગાંધીનગરમાં 'મરીઝ'ના પાવર ઓફ એટર્ની જેવા સાહિત્યકારો દ્વારા શતાબ્દિ વંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના ગાલીબ, ગઝલના બેતાજ બાદશાહ એવા અબ્બાસ અબ્દુઅલી વાસી એટલે 'મરીઝ'ની સાહજીક સરળતા અને વેધકતા એમની રચનાની તાકાત હતી. આજે ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે શાયર 'મરીઝ'ની શતાબ્દ વંદનાનો કાર્યક્રમ સે-૨૩માં બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાયો હતો.




કાર્યક્રમના સંચાલક પ્રતાપસિંહ ડાભીએ મરીઝના શેર શાયરી અને જીવનપઠન માટે આવેલા ગઝલકારો રાજેશ વ્યાસ 'મિસ્કીન', એસ.એસ. રાહી અને નીતિન વડગામાને મરીઝના પાવર ઓફ એટર્ની ગણાવ્યા હતા. કાર્યક્રમનું દિપ પ્રાગટય આ ત્રણ મહેમાન સાથે સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિ, મંત્રી સંજય થોરાત અને મૂળજીભાઈ પરમારને હસ્તે થયું હતું.

ડો. એસ.એસ. રાહીએ મરીઝના શેર શાયરીઓના રદીફ કાફીયા સાથે વિગતવાર રસાળ પ્રસ્તુતી કરી એમના જ્ઞાનનો પરચો આપ્યો હતો. પ્રા. નીતિન વડગામાએ એમના શેર અને એનું મહત્વ બતાવી છણાવટ કરી હતી. પ્રમુખ ભરત કવિએ આમંત્રિતોના પરિચય સાથે મરીઝના શેર ટાંકયા હતા.

કાર્યક્રમનો રંગ રાખ્યો રાજેશ વ્યાસ 'મિસ્કીને', એમની આગવી છટામાં તેમણે સૌને મરીઝમય કરી નાંખ્યા હતા. એમણે પોતે 'સમગ્ર મરીઝ' એવું એક પુસ્તક પણ સંપાદિત કર્યું છે. ઘર અને મયખાના વચ્ચેના મરીઝની એમની રસાળ છણાવટ કબીલેદાદ રહી હતી. સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ મરીઝને ટાંકીને કહ્યું કે અકાદમી ગુજરાતભરમાં સતત કાર્યક્રમો કરી રહી છે.

આ કાર્યક્રમમાં દોલત ભટ્ટ, પુલક ત્રિવેદી, પ્રવિણ ગઢવી, ડો. કેશુભાઈ દેસાઈ, કેશર શિવમ, ઉજમશી પરમાર, કવિ કિશોર જીકાદરા, નટવર હેડાઉ, પ્રકાશ લાલા સહિત અનેક નામી સાહિત્યકારો અને ભાવકો ઉત્સાહભેર જોડાયા હતા. સાહિત્યસભાના મંત્રી સંજય થોરાતે કાર્યક્રમની આભાર વિધિ મરીઝના શેર સાથે કરી હતી.

**'જિંદગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ',**
**એક તો ઓછી મદિર છે, ને ગળતું જામ છે.'**

# પરિવારના પાંચ સભ્યોએ ધોખીને ૨૦ હજારની નવી નોટો મેળવી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં જુની રદ થયેલી ચલણી નોટો બદલાવવા રહીશો પરિવાર સહિત ધંધે લાગી ગયા છે. અનેક પરિવારો પોતાના તમામ સભ્યોના આઈડી પ્રુફ લઈને ચાર ચાર હજારની જુની નોટો બદલાવવા બેંકોમાં લાઈનો લગાવી રહ્યા છે. આજે સેકટર-૧૩ના એક પરિવારના પાંચ સભ્યો સે-૧૬માં દેના બેંકમાંથી નવી ચલણી નોટો મેળવવા વહેલી સવારથી જ બેંક ચાલુ થાય તે પહેલા જ લાઈનમાં જોડાયા હતા. આ પરિવારે કલાકો સુધી લાઈનમાં ઉભા રહી કુલ ૨૦ હજાર રૂપિયાની નવી ચલણી નોટો પ્રાપ્ત કરી હતી. નવી ચલણી નોટો પરિવારના હાથમાં આવતા સભ્યોના ચહેરા પરથી થાક અને કંટાળો અદ્રશ્ય થઈ ગયો હતો અને હર્ષનો માહોલ છવાઈ ગયો હતો.

# પેથાપુર ખાતે કષ્ટભંજન હનુમાનજીના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર પાસેના પેથાપુર ખાતે કષ્ટભંજન હનુમાનજીની મૂર્તિ જીર્ણોધ્ધાર પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો તારીખ ૧૮મી નવેમ્બરે પ્રારંભ થશે. આ દ્વિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જલયાત્રા, સ્નપન વિધિ, જીવન્યાસ, તત્વન્યાસ, પ્રાસાદવાસ્તુ-દિક્ષુ હોમ, પ્રાણપ્રતિષ્ઠા હોમ અને ઉત્તર પૂજન જેવા પ્રસંગો ઉજવાશે. તા. ૧૯મી નવેમ્બરે સાંજે ૫ કલાકે શ્રીફળ હોમાશે તથા ૫.૩૦ કલાકે મહાપ્રસાદ યોજાશે.

પેથાપુરના વાટામાં કષ્ટભંજન હનુમાનજી મંદિરનો મૂર્તિ જીર્ણોધ્ધાર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠ મહોત્સવ આયોજિત કરાયો છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ પદે પેથાપુરના કૈલાસધામના અર્જુનસિંહ રાઠોડ તથા ખાકચોક રામજી મંદિરના મહંત પૂ. રામસ્વરૂપદાસજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. મંદિરના મુખ્યદ્વારનું ઉદઘાટન કૈલાસ બા રાઠોડના હસ્તે કરાશે. આ પ્રસંગના પ્રથમ દિવસે તા. ૧૮મી નવેમ્બર શુક્રવારે સવારે ૮.૧૫ કલાકે ગણેશ પૂજન તથા મંડપ પ્રવેશથી મહોત્સવનો પ્રારંભ કરાશે ત્યારબાદ ૯.૧૫ કલાકે જિતેન્દ્રસિંહ જે. વાઘેલાના નિવાસસ્થાનેથી જલયાત્રા-શોભાયાત્રા નીકળશે. બપોરે ૧૨ કલાકે અર્ણીમંથનથી અગ્નિ સ્થાપન કરી ગ્રહપૂજન તથા હોમ યોજાશે. ત્યારબાદ ૧.૩૦ કલાકે મૂર્તિઓનો જલાધવાસ, ઘૃતાધિવાસ, તથા અન્નાધિવાસ અને ૩.૦૦ કલાકે સ્નપન વિધિ મહાઅભિષેક યોજાશે. સાંજે ૫.૦૦ કલાકે જીવન્યાસ-તત્વન્યાસ બાદ ૫.૩૦ કલાકે શય્યાધ્વાસ અને ૬.૦૦ કલાકે સાયં પૂજન અને આરતી યોજાશે. બીજા દિવસ તા. ૧૯મી નવમ્બરે શનિવારે સવારે ૮.૧૫ કલાકે પ્રાત:પૂજન બાદ ૧૦ કલાકે પ્રાસાદ વાસ્તુ દિક્ષુ હોમ યોજાશે. બપોરના બરાબર ૧૨.૩૯ કલાકે પ્રાણપ્રતિષ્ઠા તથા ૧.૩૦ કલાકે પ્રતિષ્ઠા હોમ યોજાશે. સાંજે ૪.૧૫ કલાકે ઉત્તર પૂજન બાદ ૫.૦૦ કલાક શ્રીફળ હોમાશે. શ્રીફળ હોમાયા બાદ ૫.૧૫ કલાકે મહાઆરતી અને ૫.૩૦ કલાકે મહાપ્રસાદ પછી કાર્યક્રમનું સમાપન કરાશે.

# કુડાસણ પાસે ચાલતા હુક્કાબાર-ડીસ્કો થેકમાં એસ.ઓ.જીનો દરોડો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એસ.ઓ.જીની ટીમે કુડાસણ ખાતે પ્રમુખ આર્કેડમાં સ્થિત એક હુક્કાબાર એન્ડ ડીસ્કોથેકમાં દરોડો પાડયો હતો અને તે લાયસન્સ વગર ધમધમી રહી હોવાનું ખુલ્યુ હતુ. એસ.ઓ.જીની ટીમે તેના માલીક સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ જ કોમ્પ્લેક્ષમાં લાયસન્સ વગર ધમધમતી એક ફસ્ટફુડની શોપ પર પણ દરોડો પાડીને તેના માલીક સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર એસ.ઓ.જી પી.આઈ જે.ડી.પુરોહીતની સુચનાથી લાયસન્સ વગર અને સીસીટીવી કેમેરા વગર ધમધમતા એકમો પર તેમની ટીમ દ્વારા ચેકીંગ સઘન બનાવવામાં આવ્યુ છે. જે અંતર્ગત એસ.ઓ.જીની ટીમે કુડાસણ પ્રમુખ આર્કેડમાં ચાલતા મિયામી બ્લ્યુઝ કાફે હુક્કાબાર એન્ડ ડીસ્કોથેકમાં ચેકીંગ કરતા લાયસન્સ જ ન હોવાનું ધ્યાને આવ્યુ હતુ. લાયસન્સ વગર ધમધમતા હુક્કાબારનાં માલીક કૌશીક પ્રભુદાસ પટેલ સામે કલેકટરનાં જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરવામાં આવી છે. તો બીજી તરફ આ જ કોમ્પ્લેક્ષમાં લાયસન્સ વગર ચાલતી ફાસ્ટફુડની શોપ પર દરોડો પાડી તેના માલીક ગૌતમ હર્ષદભાઈ પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# ચિલોડા ખાતે દેવઉઠી અગિયારસના પાવન પર્વે તુલસી વિવાહની ધામધૂમથી ઉજવણી

ચિલોડા, તા.૧૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા રામજી મંદિરના પટાંગણમાં કાર્તિક સુદ અગિયારસને શુક્રવારના રોજ રાત્રે દર વર્ષની પરંપરા મુજબ તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તુલસી વિવાહ મહોત્સવ ગામના જનક ભજન મહિલા મંડળ અને કૃષ્ણ ભજન મહિલા મંડળના સંયુકત ઉપક્રમે ઉમંગ અને ઉલ્લાસભેર ઉજવાયો હતો. આ પ્રસંગે ગામના શાસ્ત્રી રાજેન્દ્રભાઈ રાવળ તથા મહેન્દ્રભાઈ ઉપાધ્યાયએ શાસ્ત્રોકત રીતે ગણેશ સ્થાપના, મંડપ મુહુર્ત, હસ્તમેળાપ, કન્યાદાન અને



ગૃહશાંતિ, મામેરું, લગ્નવિધિ, અંતમાં કન્યાવિદાય જેવી વિધિ કરાવી ભગવાન લાલજી અને તુલસીના ખુબ ધામધૂમથી કરાવ્યા હતા. આ પ્રસંગે ગામની મોટી સંખ્યામાં મહિલાઓએ પધારી લગ્નોત્સવનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે તુલસીના માતા પિતા તરીકે રમીલાબેન અને વિનુભાઈ પટેલ, બબીતાબેન અને રમણભાઈ પટેલ મામા-મામી, ભગવાન લાલજીના માતા-પિતા તરીકે રોહિણીબેન અને ભરતભાઈ તેમજ મામા મામી તરીકે રાજવીબેન વગેરેએ શોભાયમાન સ્થાન શોભાવ્યું હતું.

# સે-૨૧ કેટેગરીના મકાનો પાસે રાત્રે ધમાલ કરતો દારૂડીયો પકડાયો

## પોલીસે યુવાનની પકડી લઈ કાર્યવાહી કરી

ગાંધીનગર, તા.૧૨

શહેરનાં સેક્ટર-૨૧ ખાતે કેટેગરીનાં મકાનો પાસે ગઈ રાત્રે ધંધુકા ગામના એક યુવાન શખ્સે દારૂનાં નશામાં ધમાલ મચાવી હતી. ગાળાગાળી કરી રહેલા આ શખ્સ અંગે વસાહતીઓએ પોલીસને જાણ કરતા સે-૨૧ સ્થળ પર પહોંચી ગઈ હતી અને સંપત ઉર્ફે સુરેશ બેચર પારઘીને દબોચી લઈને તેને પોલીસ સ્ટેશન લઈ જઈ ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કલેક્ટર કચેરીનાં કોર્ટ રૂમમાંથી જમીન વિવાદની અરજીની ચોરી

## નાયબ મામલતદારે નોંધાવી પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં સે-૧૧ ખાતે સ્થિત કલેક્ટર કચેરીનાં કોર્ટ રૂમમાંથી ગઈ કાલે જમીન વિવાદની એક અરજીની ચોરી થઈ જતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે નાયબ મામલતદાર આર.એ.રાવની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ચોરી સંદર્ભે ગુનો દાખલ કરી ગુનાની ઉંડી તપાસ શરૂ કરી છે. ગઈ કાલે રાંચરડા ગામનો જ એક શખ્સ અરજીની કોપી લેવા ગયો હતો અને તે મામલે રકઝક પણ થઈ હતી. આ શખ્સ પર શંકા પણ વ્યક્ત કરવામાં આવી છે.

સેક્ટર-૧૧ ખાતે સ્થિત કલેક્ટર કચેરીનાં કોર્ટ રૂમમાં ગઈ કાલે સવારે રાંચરડા ગામનો એક શખ્સ શરદ નારાયણભાઈ પટેલ જમીન વિવાદની થયેલી એક અરજીની કોપી લેવા આવ્યો હતો. કોર્ટ રૂમમાં બે કોપી ન હોવાથી કોપી પછી લઈ જવા જણાવવામાં આવતા માથાકુટ થઈ હતી અને મામલો માંડ શાંત પડયો હતો. આ જ જમીન વિવાદની કોપી બપોરે બે વાગ્યા સુધીમાં કોર્ટ રૂમનાં ટેબલ પરથી ચોરી થઈ જવા પામતા ચકચાર મચી હતી. આ જમીન વિવાદની અરજી પણ રાંચરડા ગામની જ હતી. અરજીની ચોરી અંગે નાયબ મામલતદાર રાજેન્દ્રસિંહ અમૃતલાલ રાવએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે આઈ.પી.સી ૧૮૬, ૫૦૪ અને ૩૮૦ મુજબ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે. ફરિયાદમાં શકદાર તરિકે શરદ પટેલનું નામ પણ આપવામાં આવતા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# રાજયકક્ષાની શાળાકીય હેન્ડબોલ સ્પર્ધામાં ગાંધીનગરનો ડંકો

## સાઈ ખાતે રમાયેલ અન્ડર-૧૭ હેન્ડબોલ સ્પર્ધામાં મહિલા વિભાગમાં ગાંધીનગર શહેર ચેમ્પિયન પુરુષ વિભાગમાં સાઈ ગાંધીનગર પ્રથમ અને ગાંધીનગર શહેર ટીમ તૃતીય સ્થાને વિજેતા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સ્પોર્ટસ





ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે આજે રાજયકક્ષાની શાળાકીય અન્ડર-૧૭ હેન્ડબોલ સ્પર્ધાનું સમાપન થયું હતું. આ સ્પર્ધાના મહિલા વિભાગમાં ગાંધીનગર શહેરની ટીમ ચેમ્પિયન બની છે જયારે પુરુષ વિભાગમાં સાઈ ગાંધીનગરની ટીમ પ્રથમ તથા ગાંધીનગર શહેરની ટીમ તૃતીય સ્થાને વિજેતા રહી હતી.

રાજય કક્ષાની શાળાકીય અન્ડર-૧૭ હેન્ડબોલ સ્પર્ધાનો તા. ૯મી નવેમ્બરથી સાઈ સંકુલ ખાતે પ્રારંભ થયો હતો. આ સ્પર્ધામાં પુરુષ વિભાગમાં કુલ ૩૨ ટીમોએ અને મહિલા વિભાગમાં ૨૫ ટીમોએ ભાગ લીધો હતો. બંને વિભાગમાં થઈને અંદાજિત ૭૫૦ જેટલા સ્પર્ધકો આ સ્પર્ધામાં સામેલ થયા હતા મહિલા વિભાગમાં ગાંધીનગર શહેરની ટીમે પ્રથમ સ્થાને વિજેતા પદ હાંસલ કર્યું હતું. જયારે ભાવનગર ગ્રામ્યની ટીમ દ્વિતિય સ્થાને અને બોટાદ જિલ્લાની ટીમ તૃતીય સ્થાને વિજેતા રહી હતી. પુરુષ વિભાગમાં પ્રથમ સ્થાને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાઈની ટીમ વિજેતા બની હતી જયારે ભાવનગર ગ્રામ્યની ટીમ દ્વિતિય તથા ગાંધીનગર શહેરની ટીમ તૃતીય સ્થાને વિજેતા રહી હતી. એકંદરે ગાંધીનગર જિલ્લાની ટીમોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ ટીમોને તૈયાર કરવામાં જાણીતા હેન્ડબોલ કોચ શશિમોહન ધુમલ અને મહેશ્વરી ધુમલનું યોગદાન નોંધપાત્ર રહેવા પામ્યું છે.

સ્પર્ધામાં વિજેતા ટીમો આગામી સમયમાં બેંગ્લોર ખાતે યોજાનાર રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા સાઈ ગાંધીનગરના સહયોગથી યોજિત આ સ્પર્ધાનું સંચાલન જિલ્લા રમતગમત અધિકારી એન.ડી. ચૌધરી તથા તેમની ટીમે સંભાળ્યું હતું. સ્પર્ધામાં બહારગામથી ભાગ લેવા આવેલ સ્પર્ધકોને ભોજન નિવાસની સુવિધા માટે સે-૧૫ના ગોપાલક કન્યા વિદ્યાલયે સહયોગ આપ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન રમણલાલ પ્રજાપતિ, ઉ.વ. ૬૮
- સ્વ. નારણભાઈ વાઘજીદાસ પટેલ, ઉ.વ. ૯૫
- સ્વ. ગાંડાજી હિરાજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. જીવતબેન લક્ષ્મણજી ઠાકોર, ઉ.વ. ૫૨
- સ્વ. લલીતાબેન મોહનલાલ શાહ, ઉ.વ. ૯૨
- સ્વ. કાશીબેન ગાંડાભાઈ દંતાણી, ઉ.વ. ૫૫
- સ્વ. ચેહરબેન ફતાજી ઠાકોર, ઉ.વ. ૮૮